# પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂ ભરેલ કાર પકડી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસે રાત્રીના સમયે નેશનલ હાઈવે આઠ ઉપરથી નંબર જીજે.૦૪.સીએ.૭૭૯૭માં વગર પાસ પરમીટે વિદેશી દારૂ પાર્ટી સ્પેશીયલની કાચની કંપની સીલબંધ ૭૫૦ મીલી કુલ બોટલ કારની કિંમત-૬,૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૩ જેની કિંમત-૭૫૦૦ મળી કુલ મુદ્દામાલ કિંમત-૭,૧૩,૧૦૦નો ભરી ને જઈ રહી



પસાર થતી વિદેશી દારૂ ભરેલ કાર પકડી તો કાર સહિત કારમાં રહેલ મુદ્દામાલ સાથે બેની અટકાયત કરી હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કોલેજ પાસે રાત્રીનાં સમયે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી કાર આઈ-૨૦ કાર નંગ-૧૨૬ જેની કિં. રૂ. ૮૬,૪૦૦ તથા ડાયજીન બ્લ્યુજીન પ્રીમીયમ ની કંપની સીલબંધ ૭૫૦ મી.લી.ની કુલ બોટલ નંગ-૪૮ જેની કિંમત રૂ. ૧૯,૨૦૦ મળી કુલ વિદેશી દારૂની કિંમત રૂપિયા-૧,૦૫,૬૦૦ તથા આઈ-૨૦ હતી તે સમયે પ્રાંતિજ પી.આઇ. ચાવડા રાત્રીના પેટ્રોલિંગ ઉપર હતાં તે સમયે પોલીસને જોઈને કારચાલક હીલચાલ બદલાઈ જતાં પ્રાંતિજ પી.આઇ દ્વારા કારની તલાસી લેતાં કારમાંથી વગર પાસ પરમીટ વગરનો વિદેશી કંપનીનો દારૂ મળી આવ્યો હતો.

# આવતીકાલે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા જિલ્લામાં પધારશે

પાલનપુર, તા. ૩

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલ તા. ૫ મે, શનિવારના રોજ બનાસકાંઠા જિલ્લામાં પધારશે. વાવ તાલુકાના કુંભારડી મુકામે સવારે ૭.૪૫ વાગે મુખ્યમંત્રી સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જળ સંચયના કામોનું નિરીક્ષણ કરી આ અભિયાન અંગે પ્રેરક પ્રવચન આપશે. મુખ્યમંત્રીના કાર્યક્રમને અનુલક્ષી કલેકટર સંદીપ સાગલેના માર્ગદર્શન અને સુચના અનુસાર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંગીન તૈયારીઓ કરવામાં આવી છે.

# ગણપત યુનિ.ના દાતા-અધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલનું અમેરિકામાં વિશિષ્ટ સન્માન

ગણપતવિદ્યાનગર, તા. ૩

ગુજરાતની પ્રથમ પંક્તિની અને હાઈટેક શૈક્ષણિક સંસ્થા તરીકે પ્રતિષ્ઠા પામેલી ગણપત યુનિવર્સિટી સાથે જેમનું નામ જોડાયુંલ છે તેવા યુનિ.ના પેટ્રન-ઈન-ચિફ અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલને



એમણે જ્યાંથી એન્જિનિયરિંગની ડીગ્રી મેળવી હતી એવી કેલિફોર્નિયા સ્ટેટ, પોલિટેકનિક યુનિવર્સિટી, પોમોના, કેલિફોર્નિયા, અમેરિકા તરફથી ૨૦૧૮ના વર્ષ માટેનો ડિસ્ટિંગ્વિસડ એલ્યુમ્ની નામનો પ્રતિષ્ઠિત એવોર્ડ ગઈ તા. ૨૭ એપ્રિલ, ૨૦૧૮ના રોજ એનાયત થયો છે.

કાલ પોલિ, પામોના તરીકે જાણીતી આ યુનિવર્સિટીએ આ અવસરે તેની નવ વિવિધ વિદ્યાશાખાના પ્રતિભાશાળી અને પોતાના ક્ષેત્રે મહત્વની સિદ્ધિ હાંસલ કરનાર તેમજ સમાજના ઉત્કર્ષમાં મહત્વનું સેવા પ્રદાન કરનાર પોતાના ચૂનંદા પૂર્વ વિદ્યાર્થીઓને (એલ્યુમીઝને) પસંદ કરીઆ 'ડિસ્ટિંગ્વિશડ એલ્યુમ્ની' એવોર્ડ એનાયત કર્યા એમાં ગણપતભાઈ પટેલ એક માત્ર ભારતીય અને ગુજરાતી સન્માન્ય મહાનુભાવ હતા જે દેશ માટે તેમજ ગુજરાતના વિદ્યાજગત માટે બહુ મોટુ ગૌરવ ગણાય.

# ધાનેરામાં વર્ષો બાદ લોકોને મળશે ટ્રાફિક જામથી મુક્તિ

## ૪૨ કરોડના ખર્ચે નવો રેલવે ઓવરબ્રિજનું ખાતમહૂર્ત કરાયું

નેશનલ હાઈવે દ્વારા ધાનેરા પાંથાવાડા રોડના નવીનીકરણ અને અંતરિયાળ વિસ્તાર અને રાજસ્થાન ની સરહદ ને અડીને મુખ્ય પ્રવેશ માર્ગ પર આવેલા રેલવે ઓવર બ્રિજને પોહળો કરવામાં



વર્ષો જુના ધાનેરા રેલવે બ્રિજ નું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. આજે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને હરિભાઈ ચૌધરીના હસ્તે ૬૦૦ કરોડના રોડ અને રેલવે બ્રિજના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

દેશના દરેક રાજ્યમાં સારી પરિવહન ની વ્યવસ્થા થાય તે માટે કેન્દ્ર સરકાર માર્ગો માટે બજેટમાં કરોડો રૂપિયાની ફાળવણી કરી છે. જેને લઈ બનાસકાંઠા ના આવેલા ધાનેરા થરાદ પાંથાવાડા રોડ ને પોહળો કરવામાં આવશે. જેના કારણે સ્થાનિક પરિવહન અને રાજસ્થાન ના વાહનો ને અવરજવર માટે સરળતા રહેશે. ૬૦૦ કરોડ ના ખર્ચે આજે રોડ અને બ્રિજ ની કામગીરી કરવામાં આવશે. આજે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને હરિભાઈ ચૌધરીએ આ નવીન કામોનું ઉદઘાટન કર્યું. ધાનેરા શહેરની વર્ષો જૂની માંગ હતી કે શહેરના આવે. જ્યારે આ વિસ્તારમાં રાજસ્થાન તરફ થી વાહનો વધુ આવતા હોવાથી અકસ્માત નું પ્રમાણ પણ વધ્યું હતું. જે ઉપરાંત યોગ્ય માર્ગો ન હોવાથી ૨૦૧૫ અને ૨૦૧૭ માં આવેલા પૂર માં બિસ્માર રસ્તાઓના કારણે આ વિસ્તાર સંપર્ક વિહોણા બન્યા હતા. ધાનેરા ના અંતરિયાળ વિસ્તારને આ માર્ગ જોડશે. જ્યારે શહેરની વર્ષો જૂની માંગણી સંતોષતા સ્થાનિક લોકોને સુખાકારી ઊભી થશે.

# મહેસાણા ખાતે એસ.ટી. વિભાગીય કચેરીમાં લાંચ લેતા રંગેહાથ પકડાયા

મહેસાણા, તા. ૩

મહેસાણા ખાતે એસ.ટી. વિભાગીય કચેરીની સુરક્ષા શાખામાં ફરજ બજાવતા મદદનીશ સુરક્ષા નિરીક્ષક અને ગેટ કિપર એસ.ટી.ના જ એક કર્મચારી પાસેથી રૂપિયા ૨૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ જતા એસ.ટી. કામદારોમાં ભારે ચકચાર જાગી છે.

મહેસાણા એસ.ટી. વિભાગના એક કર્મચારીએ ગત વર્ષે અંબાજીના મેળા દરમિયાન ઓવર ટાઈમ નોકરી કરી હતી. જેથી આ બિલના નાણાં મંજૂર કરાવવા ટી.ટી.એ. ફોર્મ ભરીને વિભાગીય કચેરી મહેસાણાની સુરક્ષા શાખામાં આપેલ. સદર બિલના નાણાં મંજૂર કરવા માટે કર્મચારી પાસે ૨૫૦૦ની લાંચની માંગણી કરવામાં આવી હતી. આથી કર્મચારીએ લાંચ રૂશ્વત વિરોધી શાખા મહેસાણાનો સંપર્ક સાધી લાંચનું છટકુ ગોઠવતા બપોરના સમયે કર્મચારી લાંચના નાણાં આપવા માટે સુરક્ષા શાખાના મદદનીશ સુરક્ષા નિરીક્ષક પાસે જતા તેમણે આ નાણાં ગેટકિપરને આપવાનું કહેતા ગેટકિપરે નાણાં સ્વીકારી લીધા હતા. આ સમયે હાજર એસીબીના અધિકારીએ સ્ટાફ સાથે ગોઠવેલ લાંચના છટકામાં મદદનીશ સુરક્ષા નિરીક્ષક મનીષકુમાર અરૂણકુમાર વૈદ્ય અને ગેટકિપર રાજેશકુમાર બાબુલાલ બારોટ એક બીજાના મેળાપીપણામાં લાંચની રકમ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા.



અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન ધુળાભાઈ મુળાભાઈ પટેલ તેમના ડુંગરાળ વિસ્તાર નજીક આવેલા ખેતરમાં મગફળીની વાવણી કરતા મગફળીના પાકને જંગલી પશુઓ અને ભૂંડો મગફળીના લહેરાતા પાકનો નિકંદન કાઢી નાખતા રખવાળું કરવા ગયા હતા. ખેતરમાં ભૂંડોનું ટોળુ ધસી આવતા ભૂંડને ભગાડવાનો પ્રયત્ન કરતા ભૂંડે એકાએક ખેડૂત પર હુમલો કરતા માંડ માંડ જીવ બચાવવામાં સફળતા મળી હતી. શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા આજુબાજુથી ખેડૂતો અને પરિવારજનો દોડી આવતા તાબડતોડ મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા ડાબા પગના સાથળથી લઈ પીઠ છાતી અને પેટના ભાગે ઈજાઓ થતા તબીબે ઓપરેશન હાથ ધરી સઘન સારવાર હાથ ધરી હતી.

# ઊંઝાના ઉનાવા ગામે વધતા દબાણો ગેરકાયદેસર બાંધકામો સામે આક્રોશ

ઊંઝા, તા. ૩

ઊંઝા નજીકના ઉનાવા ગામે ગામમાંથી પસાર થતા જૂના હાઈવે પર ગેરકાયદે દબાણો, બાંધકામો વધી જતા વાહનચાલકો તેમજ રાહદારીઓ ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

ઉનાવા (મીરાંદાતાર) ગામે ગામની અંદરથી જૂનો હાઈવે પસાર થાય છે. આ હાઈવેના માર્ગ પર દરગાહથી મામુસાલની દરગાહ સુધીના માર્ગ પર છેલ્લા કેટલાક વખતથી ગેરકાયદેસરના દબાણો તેમજ બાંધકામો વધતા જાય છે. જેથી આ માર્ગ સાંકડો બની જતાં ખાસ કરીને મીરાંદાતારની દરગાહ વિસ્તારમાંથી એસ.ટી.ની બસો તેમજ અન્ય વાહનોને પસાર થવું મુશ્કેલ બનેલ છે. વધુમાં રાહદારીઓને અહીંથી નીકળવામાં પણ સતત અકસ્માતનો ભય રહ્યા કરે છે. આ બાબતે રાજ્યના માર્ગ મકાન વિભાગના ઉચ્ચ સત્તાધિશોએ સત્વરે તપાસ કરી દબાણો દૂર કરવા યોગ્ય પગલાં ભરવા જોઈએ તેવી ગ્રામજનોની માંગણી ઉઠી છે.

# ડીસાના રાજપુર મઠમાં ધારાસભ્ય શશીકાંત પંડયાની ગોળતુલા

ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયાની ચૂંટણીમાં જીત થાય તે માટે રાજપુરના ભાજપના વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, નવીનભાઈ પ્રજાપતિ, મફતલાલ માળી,



કાર્યકર સ્વ.મનુભાઈ મંછાભાઈ માળીએ ગોળ તુલાની માનતા માની હતી. જેથી ગત રોજ રાજપુર મઠ ખાતે સદગતના પુત્ર પ્રશાંતભાઈ માળી દ્વારા ધારાસભ્ય શશીકાંત પંડયાની ગોળ તુલા કરાઈ હતી.

જેમાં રાજપુરમાંથી મોટી સંખ્યામાં તમામ સમાજના લોકો ઉપસ્થિત રહી ફુલહાર પહેરાવી ધારાસભ્યનું ભવ્ય સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે ગુજરાત લેખરાજ ખત્રી, ગણેશપુરી મહારાજ, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે વગેરે પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે લોધા સમાજ ભાઈ મંડળ દ્વારા પણ ધારાસભ્ય શશીકાંત પંડયાનું ફુલહાર પહેરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રમેશભાઈ ઠાકોર, અજય ભાઈ, બાબાભાઈ ડીશવાળા, દીપક પઢિયાર, વિપુલ માળી વગેરે પણ પ્રસંગમાં સહભાગી થયા હતા.

# અરવલ્લી જિલ્લાને સિંચાઈની સુવિધા આપવા રાજ્ય સરકારનો અન્યાય : રાજેન્દ્ર પારઘી

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં તમામ તાલુકામાં સિંચાઈનો મોટો પ્રશ્ન છે. જિલ્લાને નર્મદા યોજનાનો કોઈ લાભ મળતો નથી. રાજ્ય સરકાર દ્વારા અગાઉ સુજલામ સુફલામ યોજનાની જાહેરાત કરી ઉત્તર ગુજરાત માટે મોટુ બજેટ ફાળવવામાં આવશે તેવી વારંવાર બણગા ફુંકવામાં આવે છે. જિલ્લાના નર્મદા યોજનાનો લાભ ન મળતો હોવાથી રાજ્ય સરકારમાં અવાર-નવાર મેશ્વો-હાથમતી-વણજ ડેમોમાંથી લીફ્ટ ઈરીગેશન કરી આજુબાજુના વિસ્તારના તળાવો ભરવા અવારનવાર રજુઆતો કરવામાં આવે છે.

જેથી આજુબાજુના ખેડૂતોને સિંચાઈનો લાભ મળે તેમજ જે તે વિસ્તારના પાણીના તળ ઊંચા આવે પરંતુ આ બાબતે રાજ્ય સરકારે ગંભીરતા દાખવેલ નથી. રાજ્ય સરકાર દ્વારા હાલમાં સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૮ ચાલુ કરવામાં આવેલ છે તો અમારી રજુઆત છે કે રાજ્ય સરકારે અરવલ્લી જિલ્લાને છેલ્લા ઘણા લાંબા સમયથી નર્મદા અને સિંચાઈ વિભાગના બજેટમાં કોઈ વિશેષ જોગવાઈ કે યોજનાની ફાળવણી કરવામાં આવેલ નથી તો નર્મદા યોજનાના પાઈપલાઈન દ્વારા લીફટ ઈરીગેશન દ્વારા તમામ ડેમો તથા તળાવો ભરવામાં આવે. વધુમાં જિલ્લામાં હાલ મનરેગા યોજના ચાલે છે તેના ખેત મજૂરોના મહેનતાણાની રકમ પણ નિયમિત ચૂકવવામાં આવતી નથી. વધુમાં રાજેન્દ્ર પારઘીએ જણાવેલ કે જિલ્લાના આદીજાતિ વિસ્તારમાં ન્યુ ગુજરાત પેટર્નની બેઠકમાં સિંચાઈ સંદર્ભે આયોજન મુકવામાં આવે છે પરંતુ બેઠકો નિયમિત મળતી ન હોવાથી તેની કામનો આયોજન અને સમીક્ષા થઈ શકતી નથી. પરિણામે આદીજાતિ વિસ્તારમાં પણ સિંચાઈની સુવિધાથી વંચિત રહે છે.

ન્યુ ગુજરાત પેટર્નમાં સિંચાઈ હેડે બજેટ વધારે ફાળવવા અવારનવાર રજુઆત કરવામાં આવેલ છે પરંતુ તેનો અમલ કરવામાં આવતો નથી. જિલ્લામાં પીવાના પાણી અંગે ચાલુ ઉનાળામાં આગોતરા આયોજન બાબતે અગાઉ તાકીદે બેઠક બોલાવવા અમોએ વારંવાર રજુઆત કરેલ હતી પરંતુ આ બેઠક સમય-મર્યાદામાં મળેલ ન હતી. પરિણામે અંતરાય વિસ્તારમાં પીવાના પાણી અંગે મોટો પ્રશ્ન હાલમાં ઉભો થયેલ છે તેમ રાજેન્દ્ર પારઘીએ જણાવેલ છે.

# બનાસકાંઠાને મેડીકલ કોલેજ અપાવનાર શંકરભાઈ ચૌધરીનું કાંકરેજ ભાજપ દ્વારા સન્માન

ગુજરાત સરકારમાં આરોગ્યમંત્રી તરીકે હતા તે સમયે શંકરભાઈ ચૌધરી દ્વારા બનાસકાંઠાને મેડીકલ કોલેજ મળે તે માટે પ્રયત્ન કર્યા હતા. જેના ફળ સ્વરૂપે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં મેડીકલ અંગે આખરે એમ.સી.આઈ.એ લીલી ઝંડી આપી દીધી છે. વર્ષો જુની માંગને સરકારમાં રજુઆત કરી મેડીકલ કોલેજને મંજુરી મળતા બનાસવાસીમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાત સરકારના પૂર્વ આરોગ્યમંત્રી શંકરભાઈ



ચૌધરી કાંકરેજ તાલુકાના માંડલા ગામે પધારેલ તે સમયે કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, તાલુકા ભાજપના પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર તથા ગ્રામજનો દ્વારા બનાસકાંઠાને મેડીકલની મોટી ભેટ મળવા બદલ જેમનો સિંહફાળો છે તેવા શંકરભાઈને શાલ ઓઢાડી સન્માનીત કર્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં માત્ર ૧૮૧નું ઈમરજન્સી બટન દબાવવાથી એપ દ્વારા મહિલાના સ્થળની માહિતી મળી જશે

## મહિલાઓને હવે એપથી ૧૮૧ અભયમની તત્કાલ મદદ મળશે

અરવલ્લી, તા. ૩

અરવલ્લી જિલ્લામાં અને રાજ્યભરમાં મહિલાઓને મુશ્કેલીના સમયે મદદ મળી રહે તે માટે સરકાર દ્વારા ૨૦૧૫થી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે પરંતુ આ સેવામાં મહિલાઓ માત્ર ૧૮૧ નંબર પર જ ફોન કરીને મદદ મેળવી શકતી હતી. જ્યારે આ સેવાને વધુ સરળ બનાવવા માટે ૧૮૧ અભયમ એપની શરૂઆત કરવામાં આવી છે. જેમાં મહિલાઓ કોઈપણ પ્રકારની મુશ્કેલી સમયે તરત જ મદદ પુરી પાડવા માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી શકે છે. મુશ્કેલ પરિસ્થિતિમાં મહિલાઓ દ્વારા અભયમ એપનું માત્ર ૧૮૧ ઈમરજન્સી બટન દબાવવાની સાથે જ મહિલા ક્યાં અને કયા સ્થળે છે તે વિશેની માહિતી જીપીએસના માધ્યમથી ૧૮૧ના ઈમરજન્સી સેન્ટરને મળી જશે.

આ એન્ડ્રોઈટ એપના માધ્યમથી વિના વિલંબે ત્વરિત મહિલાઓને મદદ પુરી પાડવા માટે નજીકના અભયમ રેસ્ક્યુ વાનને ઘટના સ્થળે મોકલી મહિલાની સમસ્યાનું નિવારણ લાવવા મદદરૂપ બનશે. પ્રથમવાર મહિલા એપ રજીસ્ટ્રેશન સમયે મહિલા દ્વારા રજીસ્ટર્ડ કરેલ પરિવારના સભ્યો સંબંધીઓ તેમજ મિત્રોના મોબાઈલ નંબર ઉપર ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા ત્વરિત ઘટના વિશે વાકેફ કરવામાં આવશે. પણ જો મહિલા બોલવાની સ્થિતિમાં ના હોય તો અભયમ એપ મદદ માટેનું બટન દબાવતાની સાથેજ ઘટનાસ્થળનું લોકેશન મળી જશે. સ્થળ પર ટિમ પહોંચી જશે અને સમસ્યાનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થશે. છેલ્લા ત્રણ વર્ષથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન દ્વારા મહિલાઓને મુશ્કેલીના સમયે મદદ કરવામાં આવી રહી છે જે હવે માત્ર એપના માધ્યમથી પણ સરળતાથી મળી રહેશે એમ અરવલ્લી જિલ્લા ૧૮૧ અભયમના કાઉન્સિલર ચેતના ચૌધરીએ જણાવ્યું હતું

### સ્માર્ટ ફોનમાં એપ્લિકેશન આ રીતે ઈન્સ્ટોલ કરી શકાશે

તમારા સ્માર્ટ એન્ડ્રોઈટ ફોનમાં સ્ક્રીન પર રહેલ ગૂગલ પ્લે સ્ટોર ઓપન કરવું ત્યારબાદ ગૂગલ પ્લે સ્ટોરમાં ૧૮૧ અભયમ વુમન હેલ્પ લખીને સર્ચ કરવું જેથી તમને એપ મળી જશે હવે આ એપ ડાઉનલોડ કરો. બાદમાં થોડી ક્ષણોમાં આ એપ ઈન્સ્ટ્રોલ કરવાની રહેશે. ઈન્સ્ટ્રોલ કર્યા બાદ તમારા ફોનની સ્ક્રીન પર ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો આઇકોન આવી જશે. જે આઇકોનના બટનને દબાવતા રજીસ્ટ્રેશન માટેની સ્ક્રીન ખુલશે જેમાં જરૂરી તમામ માહિતી ભરવાની રહેશે અને એડ્રેસ નાખવાનું રહેશે તેમજ તમારા પોતાના તેમજ ઈમરજન્સીમાં ઘરના સભ્યોના ફોન નંબર મેળવવાના રહેશે. ત્યારબાદ રજિસ્ટ્રેશન બટનને દબાવવાનું રહેશે એપમાં જરૂરી માહિતી જીપીએસ દ્વારા એક્ટિવેટ કરવાની પ્રક્રિયા શરૂ થશે અને એપ એક્ટિવેટ કરવા માટેની સ્ક્રીન આવશે જેમાં સેટિંગ લખેલ બટન દબાવવાથી એપ શરૂ થઈ જશે.

# ખેડબ્રહ્મા શહેરના ભિલકા તળાવ અને હરણાવ નદી ઊંડી કરવાના કામ આરંભાયા

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મામાં અંબિકા માતાજી મંદિર પાસે આવેલ ભીલકા તળાવને ચોમાસામાં વધુ પાણીનો સંગ્રહ થાય તે હેતુ માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત ઊંડું કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું. જેમાં રમીલાબેન બારા દ્વારા જે.સી.બી.ને તિલક કરી કામ ચાલુ કરાવ્યું હતું. આ ઉપરાંત શહેરની મધ્યમાંથી પસાર થતી હરણાવ નદીને પણ ઊંડી કરવાનું કામ ચાલુ કરવામા આવ્યું હતું. નદી ઊંડી થતા નગરપાલિકામાં પાણીની સમસ્યા હલ થઈ જશે. આ પ્રસંગે અશોકભાઈ જોશી, પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદી, મામલતદાર જી.ડી. ગમાર, નગરપાલિકા પ્રમુખ ઝલકબેન પટેલ, પાણીપુરવઠા ચેરમેન નીકુંજ રાવલ તથા સદસ્યો સહિત શહેરીજનો હજાર રહ્યા હતા જ્યારે વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા કોઈ પણ વ્યક્તિ હાજર રહ્યા ન હતા.



## પ્રાંતિજ ખાતે જળસંચય અભિયાનનો શુભારંભ

સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે પ્રારંભ કરાયેલા સુજલામ સુફલામ જળ સંચય યોજના અંતર્ગત પ્રાંતિજ ખાતે જિલ્લા પ્રભારી અને સિંચાઈ મંત્રી પરબતભાઈ પટેલના વરદહસ્તે ગામ તળાવ ઉંડુ કરવાની કામગીરીનો શુભારંભ કરાયો હતો. પ્રાંતિજ ખાતે જળ સંપત્તિ પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ ભાંખરીયા તળાવ, મોટી બોખ તથા ચેકડેમોને ઉંડા કરવાનો શુભારંભ કરાવી જળ સંચનના શ્રીગણેશ કરાવ્યા હતાં. પાણીનો સ્તર ઉંચો જતાં ૧૮ જેટલા ગામોને પાણીની સુવિધાઓ મળી રહેશે અને ખેતી સહિત પાણીની સમસ્યાઓ પણ હલ થશે. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, સા.કાં. બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, મા. સાંસદ જયસિંહ ચૌહાણ, પ્રિ. સેક્રેટરી રામગોપાલ, સાબરકાંઠા જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી. કે., ડી.ડી.ઓ. સ્તૃતિ ચારણ, પ્રાન્ત અધિકારી સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

# પ્રાંતિજની યુવતી ગુમ થતા પોલીસ ફરીયાદ

સાંબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ગ્રીનપાર્ક-૩ સોસાયટીમાં રહેતી યુવતી કોઈપણ કારણોસર પોતાના ઘરેથી ગુમ થતા પોલીસ ફરિયાદ થઈ. વિનુભાઈ પુંજાભાઈ પરમાર રહે. ગ્રીનપાર્ક-૩ એસ્પરીમેંટલ સ્કૂલ પાસે કે જેવોની દિકરી દર્શનાબેન ઉ.વર્ષ-૨૨ કે પોતાના ઘરેથી તા. ૨૦-૪-૨૦૧૮ના રોજ બપોરના સમયે કોઈને ઘરમાં કહ્યાં વગર ગુમ થતા શોધખોળ બાદ યુવતીના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં યુવતીની ગુમ થયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુમ થયાની ફરીયાદ લખીને આગળની તપાસ હાથ ધરી છે.